નાણાકીય સતા (સોંપણી) નિયમો,૧૯૯૮ના પ્રકરણ-૩, નિયમ નં-૩૩(૪), તથા શરતો ની જોગવાઇ મુજબ સરકારી મકાનો વેચવાની અથવા તોડી પાડવા દરખાસ્ત સાથે રજુ કરવાનું ચેકલીસ્ટ

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
પરિપત્ર ક્રમાંક:- પરચ-૨૦૧૩-૬૭૧-ઝ
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:- ૨૪ / ૦૬ /૨૦૧૩

પરિપત્ર

ગુજરાત નાણાંકિય નિયમોના નિયમ.૧૭૨ની જોગવાઈ અનુસાર રાજયના નાણાંથી બાંધેલાં કાયમી સરકારી મકાનો સરકારના હુકમો હેઠળ વેચી કે ઉખેળી શકાય છે, પછી ભલે એની ચોપડે કિંમત ગમે તેટલી હોય. તાબાના સત્તાધિકારીઓ જે મર્યાદા સુધી અને જે શરતોએ મકાનના વેચાણની અને તેને ઉખેળી લેવાની કાર્યવાહી હાથ ધરી શકે એ મર્યાદા અને શરતો નાણાંકીય સત્તાઓના નિયમસંગ્રહ અને સત્તાસોંપણીના હુકમો અન્વયે વિનિયમિત કરવામાં આવ્યા છે.

૨. નાણાકીય સત્તા (સોંપણી) નિયમો, ૧૯૯૮ના પ્રકરણ-૩,નિયમ નં-૩૩ (૪), અન્વયેની જોગવાઇ મુજબ વિભાગોના નિયંત્રણ હેઠળનાં સરકારી મકાનો કે જેની ચોપડે કિંમત રૂ.૫૦,૦૦૦/- થી વધતી હોય તેવાં મકાન વેચવાની અથવા તોડી પાડવા માટે નાણા વિભાગની સંમતિ મેળવવાની રહે છે આથી નાણા વિભાગની સંમતિ માટે વિવિધ વિભાગો અત્રે દરખાસ્ત મોકલે છે.

3. અનુભવે જણાયું છે કે, નાણા વિભાગને સંમતિ/મંજુરી માટે રજુ કરાતી આવી દરખાસ્ત કેટલીકવાર વિભાગ કક્ષાએ કાળજીપૂર્વક અને યોગ્ય રીતે ચકાસવામાં આવતી નથી અને ઉકત શરતોની જોગવાઇ અનુસાર ન હોય તેવી દરખાસ્તો પણ નાણા વિભાગને રજુ કરવામાં આવે છે. આ સંજોગોમાં અધૂરી કે ખૂટતી વિગતોને કારણે નિર્ણય લેવામાં વિલંબ થાય છે. આ પરિસ્થિતિ નિવારવા માટે આવા પ્રકારની દરખાસ્તો તૈયાર કરવામાં વિભાગોને માર્ગદર્શકરૂપ નિવડે તે હેતુથી એક ચેકલીસ્ટ તૈયાર કરેલ છે. જે આ સાથે સામેલ છે. આથી હવે પછી વિભાગોના નિયંત્રણ હેઠળનાં સરકારી મકાનો વેચવાની અથવા તોડી પાડવાની દરખાસ્તો વિભાગે આ સાથેના ચેકલીસ્ટની વિગતો સંપુર્ણ રીતે ભર્યા

પછી વિભાગના વડાની મંજુરી મેળવીને જ નાણા વિભાગને દરખાસ્ત કરવામાં આવે તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કુંજલ પાઠક)
ઉપ સચિવ,
નાણા વિભાગ

પરચ-૧૨૨૦૧૩-૮૬૮-સંકલન

શ્રમ અને રોજગાર વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા-૧૨/૭/૨૦૧૩

નકલ જાણ અને જરુરી કાર્યવાહી અર્થે,

૧-શ્રમ આયુક્તશ્રી,શ્રમ આયુક્તશ્રીની કચેરી,ઉદ્યોગભવન, ગાંધીનગર
૨-નિયામકશ્રી,રોજગાર અને તાલીમ, ગુજરાત રજ્ય, ગાંધીનગર
૩-ગ્રામ શ્રમ આયુક્તશ્રી,ગુજરાત રાજ્ય ગાંધીનગર
૪-નિયામકશ્રી,ઔદ્યોગીક સલામતી અને સ્વાસ્થયની કચેરી,શ્રમભવન,ખાનપુર

નાણા વિભાગના તા-૨૪/૬/૨૦૧૩ના પરિપત્રની નકલ આ સાથે સામેલ છે,નાણાકીય સત્તા (સોંપણી) નિયમોઅ.૧૯૯૮ના પ્રકરણ-૩, નિયમનં-૩૩(૪), તથા શરતોની જોગવાઇ મુજબ સરકારી મકાનો વેચવાની અથવા તોડી પાડવા દરખાસ્ત સાથે રજુ કરવાનું ચેકલીસ્ટ આ સાથે સામેલ છે, જેની નકલ સર્વેને આપીએ.

(જે.એચ.રાવલ)
સેકશન અધિકારીશ્રી,
શ્રમ અને રોજગાર વિભાગ
શ્રમ અને રોજગાર વિભાગ

નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ કચેરી, ગાંધીનગર
સર્વે ખાતાના વડાઓ/કચેરીઓના વડાઓ/તિજોરી અધિકારીઓ
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર/નર્મદા/વડોદરા
નિવાસી ઓડીટ અધિકારી, ગાંધીનગર/અમદાવાદ
નાણા વિભાગની તમામ શાખાઓ (નાણા શાખા સહિત)
સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ.(વેબ સાઇટ પર મુકવા સારું)
પસંદગી ફાઇલ, ઝ શાખા, નાણા વિભાગ
* પત્ર દ્વારા

<u>નાણા વિભાગ, તા.૨૪/૦૬ /૨૦૧૩ના પરિપત્ર ક્રમાંકઃ- પરચ-૨૦૧૩-૬૭૧-ઝ નું જોડાણ</u>

# <u>પ રિ શિ ષ્ટ</u>

નાણાકીય સત્તા (સોંપણી) નિયમો,૧૯૯૮ના પ્રકરણ-૩,નિયમનં-૩૩ (૪), અન્વયેની જોગવાઇ મુજબ સરકારી મકાનો વેચવાની અથવા તોડી પાડવા દરખાસ્ત સાથે રજુ <u>કરવાનું ચેકલીસ્ટ.</u>

(૧) જે મકાનને તોડી પાડવાનું છે
તે હાલની જગ્યાનું સરનામું ?

(૨) હાલની જગ્યામાં મકાન કયાં
વર્ષમાં બનાવવામાં આવેલ ?

(૩) મકાન વિભાગના રજીસ્ટરમાં
નોંધાયેલ છે તેની નકલ ?

(૪) સરકારી ચોપડે નોંધાયેલ
મકાનની કિંમત ?

(૫) મકાનનુ(Construction Life)
બાંધકામ આયુષ્ય કેટલું છે?

(૬) બાંધકામના કેટલા વર્ષ બાદ
તોડવાની જરૂર ઉભી થયેલ છે?

(૭) જે મકાન તોડી પાડવાનું છે તે
મકાન બાંધવા માટે ખાતા મારફત
બાંધકામ મંજુર કરવામાં આવેલ કે કેમ?

(૮) મકાનને તોડી પાડવા માટે મા.મ.વિ.ના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર મેળવેલ છે કે કેમ?

(૯) કયાં હેતુસર મકાન તોડી પાડવા મંજુરી જરૂરી છે?

(૧૦) પ્રસ્તુત દરખાસ્ત માટે વિભાગની સ્પષ્ટ ભલામણ સામેલ છે?

(૧૧) નવું બાંધકામ માટે જોગવાઇ મંજુર કરાયેલ છે કે કેમ?

(૧૨) નવા બાંધકામના નકશાઓ/અંદાજો રજુ કરેલ છે?

(૧૩) હાલ મકાન નો ઉપયોગ થાય છે કે કેમ?

* ના તો કેટલા સમયથી ઉપયોગ બંધ થયેલ છે. ?